ગાંધીનગર સમાચાર

મનપાની છાશ વિતરણ વ્યવસ્થામાં ધાંધિયા

# શહેરના વિદ્યાર્થીઓનું અનોખું સંશોધન

## હવે, સ્કૂટર - બાઈક પેટ્રોલથી નહીં પાણીથી ચાલશે...!!



ગાંધીનગર, તા. ૨૭

પેટ્રોલના ભાવવધારાથી હવે કોઈને કશો ફર્ક નહીં પડે. ગાંધીનગરના બે યુવાનો સહિત મહેસાણા નજીકની સેફ઼ોનિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિકેનિકલ એન્જિનીયરીંગના ચાર યુવા વિદ્યાર્થીઓએ એવી કમાલની શોધ કરી છે કે જેના થકી સમગ્ર ઓટો મોબાઈલ દુનિયામાં હલચલ મચી જશે. માત્ર એટલું જ નહીં પરંતુ દરેક સામાન્ય વર્ગના માનવીના જીવનમાં આ શોધ ઘણો મોટો ફેરફાર લાવી શકે છે. આ યુવાનોએ પેટ્રોલના બદલે પાણીથી મોટર બાઈક કે સ્કૂટર ચાલી શકે તે પણ તદ્દન પાણીના મૂલે તેવી કીટ તૈયાર કરી છે.

ગાંધીનગરના બે યુવાનો ઉર્મિલ પટેલ અને સૌમિલ શુક્લ ઉપરાંત અમદાવાદના અન્ય બે યુવાનો પાર્થ પંચાલ અને વિવેક ગાંધી એમ ચાર વિદ્યાર્થીઓની ટીમે તેમના માર્ગદર્શક ચિત્રલેખા નહાર સાથે મળીને એક અદ્‌ભુત ક્રાંતિકારી શોધ કરી છે. તેમણે એક એવી કીટ બનાવી છે જેને બાઈક કે સ્કૂટરમાં ફીટ કરવાથી તેને પેટ્રોલના બદલે પાણીથી ચલાવી શકાય. તે પણ એક લીટર પાણીમાં ૨૫૦થી ૩૦૦ કિલોમીટર સુધી...!! મહેસાણા નજીકની સેફ઼ોનિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિકેનિકલ એન્જિનીયરીંગમાં ફાઈનલ યરમાં અભ્યાસ કરતા આ યુવાનોએ તેમના પ્રોજેક્ટના ભાગરૂપે આ અનન્ય શોધ કરી છે અને હવે તેઓએ તેની પેટન્ટ કરાવવાના પ્રયાસ હાથ ધર્યા છે.

જયારે આ યુવાનોએ પાણીથી ચાલતી મોટર સાઈકલ બનાવવાનો પ્રોજેક્ટ આઈડિયા રજૂ કર્યો ત્યારે તેમની કૉલેજમાં પ્રાધ્યાપકો સહિત સૌ કોઈને આ પ્રોજેક્ટ સફળ થવા અંગે શંકા હતી. અગાઉ પ્રોજેક્ટ ટીમમાં જે વિદ્યાર્થીઓ હતા તેમાંથી બેએ તો આ કારણે ટીમ છોડી દીધી પરંતુ બીજા બે વિદ્યાર્થીઓનો સાથ મળતા આ પ્રોજેક્ટ ફરી હાથ પર લીધો હતો. ત્રણ માસની મહેનતના અંતે આ વિદ્યાર્થીઓએ આ કીટ તૈયાર કરી પ્રોજેક્ટને સફળ બનાવ્યો છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તેમાં બાઈકના એન્જિન સાથે ફીટ થઈ જાય તેવી એક નાનકડી કીટ હોય છે. આ કીટથી માત્ર બીક સ્ટાર્ટ કરતી વખતે જ પેટ્રોલ વપરાય છે, પછી આપોઆપ બાઈક કીટમાં રહેલા પાણી વડે ચાલે છે. આ કીટ સાથે જોડાયેલ એક ટ્રાન્સપરન્ટ પાઈપ પાણીનું લેવલ પણ દેખાડે છે. યુવાનોએ બનાવેલ કીટમાં તેમણે પાંચ અલગ અલગ ધાતુઓના મિશ્રણથી બે મેટલ પ્લેટ તૈયાર કરી છે જેને પાણીમાં રાખી બેટરી સાથે જોડવાથી કરન્ટ મળતા પાણીમાના હાઈડ્રોજન અને ઓક્સિજન છુટા પડે છે. આ હાઈડ્રોજન અને ઓક્સિજન પેટ્રોલ પાઈપ વાટે એન્જિનમાં પહોંચી પેટ્રોલના બદલે વાયુઓ સળગી જરૂરી એનર્જી પુરી પાડે છે. આ કીટની કોઈ જ આડઅસર બાઈકને થતી નથી. ઉલટું પેટ્રોલની માફક અહીં કાર્બનનું ઉત્સર્જન ના થતું હોવાથી પર્યાવરણને પણ કોઈ જ નુકસાન થતું નથી. વળી, આ કીટમાં નદી, કૂવા, તળાવ કે દરિયાનું અથવા ગટરનું ગંદુ પાણી પણ વાપરી શકાય છે. દરિયાના પાણીમાં ખારાશ હોવાથી વધુ સારું પરિણામ મળી શકે છે.

સમગ્ર ઓટો મિકેનિકલની દુનિયામાં ખળભળાટ મચાવી દે તેવી આ શોધને વિદ્યાર્થીઓ પેટન્ટ કરાવવા ઈચ્છે છે. આ કીટ તૈયાર કરવામાં તેમને આશરે રૂપિયા પાંચ હજારનો ખર્ચ આવ્યો હતો. પરંતુ જો તેનું જથ્થાબંધ ઉત્પાદન કરાય તો તે માત્ર ત્રણેક હજારમાં જ તૈયાર થઈ શકે તેમ છે. યુવાનોનું કહેવું છે કે આ શોધથી દેશનું હૂંડિયામણ પણ બચશે અને પેટ્રોલના કારણે ભોગવવી પડતી મોંઘવારીમાંથી પણ છુટકારો મળશે.

**ગાંધીનગરના બે યુવાનો સહિત સેફ઼ોનિ ઈન્સ્ટિટ્યૂટના ચાર વિદ્યાર્થીઓએ પેટ્રોલના બદલે પાણીથી બાઈક ચાલે તેવી કીટ બનાવી : એક લીટર પાણીમાં ૨૫૦-૩૦૦ કિ.મી.ની એવરેજ : પેટ્રોલના ભાવવધારાથી નડતી મોંઘવારીથી છુટકારો મળશે**

### @ગાંધીનગર

- ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે શનિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે ગ્રાન્ડ હાઉસીની ઈવેન્ટ યોજાશે.
- ગગનભાઈ મહેતાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૪૮૦/૨, સે-૩/સી ખાતે કથાકાર સ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ રાત્રે ૮ કલાકે યોજાશે.
- તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮ કલાકે સેક્ટર-૧૨, બલરામ મંદિર ખાતે લયબદ્ધ શ્વસન દ્વારા નિઃશુલ્કપણે કાર્યક્રમ યોજાશે.

### આજે ઈન્ફોસીટી ખાતે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યુરન્સ કુ. દ્વારા સવારે ૯.૩૦ કલાકે બાલકો માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર સ્પર્ધા આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યુરન્સ કુ.ની ઈન્ફોસીટી શાખા ખાતે યોજવામાં આવનાર છે.

બાળકોની કલ્પનાશક્તિ ખિલે તથા તેમની આવડતને પ્રસ્તુત કરવાનો મોકો મળે તે હેતુથી જાણીતી ખાનગી વિમા કંપની દ્વારા બાળકોની ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી છે. આ ચિત્ર સ્પર્ધામાં વાલીઓને પણ પોતાના બાળકો સાથે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.



અનોખો અકસ્માત : એસ.જી. હાઈવે પર સરગાસણ ચાર રસ્તા પાસે શુક્રવારે વહેલી સવારે ટ્રકે પલટી ખાતા અનોખો અકસ્માત સર્જાયો હતો. સદ્‌ભાગ્યે કોઈને ગંભીર ઈજા થઈ નથી.

## સરકારી નોકરી અપાવવાના નામે ચીટીંગ કરનાર ઝડપાયો

### પખવાડીયા પહેલા મહિલા કોર્પોરેટરના પુત્ર સામે ગુનો નોંધાયો હતો : ઈન્ફોસીટી પોલીસે ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ફોસીટી પોલીસમથકમાં પખવાડીયા અગાઉ ગાંધીનગરના મહિલા કોર્પોરેટરના પુત્ર સામે છેતરપીંડી સંદર્ભે ગુનો નોંધાયો હતો. અમદાવાદના બે ઉમેદવારોને સરકારી નોકરી અપાવવાના બહાને બબ્બે લાખ રૂપિયા તેમની પાસેથી ઉઘરાવી છેતર્યા હતા. ઈન્ફોસીટી પોલીસે આ છેતરપીંડીના ગુનામાં કોર્પોરેટરના પુત્રની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગરની એક મહિલા કોર્પોરેટરના સરગાસણ ખાતે સ્થિત પેરા માઉન્ટ આર્કેડમાં રહેતા પુત્ર ચંદન ઉર્ફે બાપુ મધુકર રાજદીપે બે યુવાન ઉમેદવારોને સરકારી નોકરી અપાવવાના બહાને છેતર્યા હતા. કૃષ્ણનગર વિસ્તારના કિરીટ રાજેશભાઈ દત્ત અને તેમના મિત્ર ધર્મેન્દ્રસિંહ પરીહાર બંને સરકારી નોકરી માટે તૈયારીઓ કરતા હતા. ચંદન ઉર્ફે બાપુ રાજદીપે પોતાને સચિવાલયમાં ઓળખાણ છે કિરીટને શહેરી વિકાસ વિભાગ અને તેના મિત્ર ધર્મેન્દ્રસિંહને નર્મદા વિભાગમાં નોકરી અપાવી દઈશ તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. તે પેટે રૂ. ૨ લાખ બંને વ્યક્તિઓ પાસેથી ખંખેર્યા હતા. સમય વિતી ગયા છતાં નોકરીના ઓર્ડર ન આવતા ઉમેદવારોએ તે અંગે પુછતાછ કરતા ચંદને નોકરીના ઓર્ડર તો ન આપ્યા પરંતુ રૂપિયા માંગ્યા તો મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે કિરીટ દત્તે ઈન્ફોસીટી પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચંદન સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ અને ૫૦૬ મુજબ ગુનો દાખલ કર્યો હતો. પીએસઆઈ એમ.એચ. સોલંકીએ આરોપી ચંદનની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

## સેક્ટર-૪માંથી એક્સેસ ચોરી કરનાર કિશોર ઝડપાયો

### એક્સેસ ચોરી કરીને નંબર પ્લેટ બદલી નાંખી હતી : એલસીબીની ટીમે સે. ૧૨/૧૩ના સર્કલેથી પકડી પાડ્યો



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં વધતી વાહનચોરીને ધ્યાને રાખીને એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે ગાંધીનગર એલસીબીને તે દિશામાં પ્રયત્નશીલ થવા સુચના આપી હતી જેને પગલે એલસીબી પીઆઈ આશુતોષ પરમારના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે વર્કઆઉટ કરી એક વાહનચોર કિશોરને પકડી પાડ્યો છે. તેણે સેક્ટર-૪માંથી એક્સેસ ચોરી કરીને નંબર પ્લેટ બદલી નાંખી હોવાનું ધ્યાને આવ્યુ છે. ચોરીનું એક્સેસ રીકવર કરી કિશોર સામે કાર્યવાહી શરૂ કરી છે.

એલસીબી પીએસઆઈ વી.યુ. ગાડરીયા તથા એએસઆઈ કરણસિંહ, હે.કો. સંદિપભાઈ, જયવિરસિંહ, કોન્સ્ટેબલ દિગ્વીજયસિંહ સહિતની ટીમ ગઈકાલે પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ચોક્કસ માહિતીને આધારે સે. ૧૨/૧૩ના સર્કલ પાસેથી કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરને ચોરીના એક્સેસ નં. જીજે.૮.એ.એફ.૯૯૯૬ સાથે પકડી પાડ્યો હતો.

કિશોરની પુછપરછ કરવામાં આવતા તેણે સેક્ટર-૪-ડી પ્લોટ નં. ૯૬૯/૧ ખાતેથી એક્સેસ ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. તેનો સાચો નંબર જીજે.૧૮.એ.એફ.૯૯૯૫ હોવાનું ધ્યાને આવ્યું છે. કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર પાસેથી ચોરીનું એક્સેસ રીકવર કરીને સે. ૨૧ પોલીસમથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કલોલ પેન્શનર મંડળ દ્વારા ૭૦ વડીલોનું સન્માન કરાયું

કલોલ શહેર તાલુકા પેન્શનર મંડળ દ્વારા ૭૦ વર્ષથી વધુ વયના વડીલ પેન્શનરોનું સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય, દિવંગતોને શ્રદ્ધાંજલિ, સ્વાગત પ્રવચન, મહેમાનોનું શાલ-બુકેથી સન્માન, મંડળનો અહેવાલ તેમજ ૭૦ થી વધુ વયના વડીલોનું સન્માન સમારોહ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં ૪૦૦થી વધુ પેન્શનરો હાજર રહ્યા હતા. મહેમાન પદે ગુજરાત સ્ટેટ પેન્શનર્સ ફેડરેશનના કન્વીનર મણીભાઈ સુથાર, વડોદરા શહેર પેન્શનર મંડળના પ્રમુખ નાથાલાલ ડાભી, મોહનભાઈ પ્રજાપતિ, કે.પી. વ્યાસ, પ્રભુદાન ગઢવી, કાન્તિભાઈ પ્રજાપતિ સહિતના અન્ય અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

### વાતવાતમાં

- સિવિલ હોસ્પિટલમાં વારંવાર ખોટકાતા એક્સ-રે મશીનના કારણે દર્દીઓ તથા કર્મચારીઓ પરેશાની ભોગવી રહ્યા છે. એક તરફ દર્દીઓનો ધસારો વધુ છે અને બીજી તરફ લગભગ દર બીજા - ત્રીજા દિવસે ખોટકાતા એક્સ-રે મશીનના કારણે અનેકવાર નાની-મોટી તકરારના દૃશ્યો સર્જાય છે.
- સેક્ટર-૧૩માં એક યુવાનને નશાખોરીના ગુના હેઠળ દારૂની બોટલ સાથે પોલીસે ઝડપી પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. જોકે આ ગુનો પોલીસ ચોપડે નોંધાયો નથી તેથી યુવાનની અટકાયત કરી પોલીસે શું કર્યું તે ચર્ચાનો વિષય બન્યું છે.
- ચિલોડા મિલ્ટ્રી કેમ્પસથી અડાલજ જવા પેસેન્જર વાનમાં પાટણ જિલ્લાના કમાલપુરના વતની રમેશ કાંતિભાઈ પ્રજાપતિ ઓરિજિનલ દસ્તાવેજો ભૂલી જવા પામ્યા હતા. આ દસ્તાવેજો પરત મળે તે માટે તેમણે વ્હોટ્સએપનો સહારો લઈ મેસેજ ફરતો કર્યો છે.
- ગુરુવારે રાત્રે આશરે ૧૦ વાગ્યાના સુમારે ઘ - રોડ પર સેક્ટર-૬-૭ના બસ સ્ટેન્ડ નજીક એક સ્કૂટરચાલક સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સ્કૂટરચાલકને નજીવી ઈજાઓ થઈ હતી પરંતુ આ સમયે મોટી સંખ્યામાં નગરજનો એકત્ર થઈ જતા થોડીવાર માટે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

### સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા યોગાભ્યાસનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા આગામી ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૧ લી જૂનના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સેન્ટ્રલ વિસ્ટા, ઘ-૪ ખાતે યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યુંછે. સવારના ૬.૦૦થી ૭.૦૦ કલાક દરમિયાન નગરના તમામ નાગરિકોને યોગા મેટ અને શેતરંજી સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# મનપાની છાશ વિતરણ વ્યવસ્થામાં ધાંધિયા

## તંત્ર દ્વારા જાહેરાત બાદ છાશ ન મળતા નાગરીકોમાં રોષ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તાજેતરમાં ગરમીને પગલે નાગરીકોના આરોગ્યને ધ્યાને રાખીને છાશ વિતરણ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. પરંતુ આ કેનદ્રો પર છાશ મળતી ના હોવાનો શુર નાગરીકોમાં ઉઠવા પામ્યો છે. છાશ પીવા માટે ઈચ્છુક નાગરીકોને ધરમધક્કા પડે છે. છાશના કેન્દ્રો માટે બાંધેલા મંડપો સુમસામ લાગી રહ્યા છે અને છાશ વિતરણને લઈ નાગરીકોમાં રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગરમાં ગરમીનો પારો દિવસેને દિવસે વધી રહ્યો છે. નાગરીકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. ગરમીમાં નગરજનો શેકાઈ રહ્યા છે ત્યારે મનપા તંત્ર દ્વારા નાગરીકોને ગરમીમાં રાહત મળી રહે તે માટે આરોગ્યની દ્રષ્ટિએ ગુણકારી એવી છાશ વિતરણ વ્યવસ્થા શરુ કરવામાં આવી છે. તંત્ર દ્વારા વધુમાં વધુ નગરજનો લાભ લઈ શકે તે માટે ભીડવાળા વિસ્તાર પસંદ કરાયા છે. ગણતરીના દિવસો છાશનું વિતરણ થયું છે બાકી તો કાગળ પર છાશ વિતરણ થઈ હોય તેવું નાગરીકો કહી રહ્યા છે.

છાશના રસિયા નગરજનોને કાળઝાળ ગરમીમાં છાશ પીવા માટે તો મળતી નથી પરંતુ છાશ વિતરણ માટે બાંધીને રાખેલા મોટા શામિયાણા સુમસામ નજરે પડે છે. જયારે કેટલાક સ્થળો પર ગણતરીની છાશ મિનિટોમાં પુરી થઈ જાય છે. પરંતુ મનપાના છાશ કેન્દ્રો પર નિયત સમયે નિયમિતરુપે છાશ ન મળતા નાગરીકોમાં રોષ ફેલાયો છે.




### ગાંધીનગર નાગરીક બેંક દ્વારા છાશનું વિતરણ



શહેરની ગરમીમાં નગરજનોને રાહત મળી રહે તે માટે ગાંધીનગર નાગરીક બેંક દ્વારા બેંક પાસે જ મંડપ બાંધીને છાશનું વિતરણ બપોરે ૧૨ કલાકે શરુ કરવામાં આવે છે. બેંક દ્વારા ગત્ તા.૧૮ મે થી શરુ કરવામાં આવેલ છાશનું વિતરણ વરસાદ ના પડે ત્યાં સુધી શરુ રાખવામાં આવશે. જયારે રોજની ૮૦ લીટર છાશનું વિતરણ બેંક દ્વારા કરવામાં આવે છે. જેનો લાભ નાગરીકો હોંશે હોંશે લઈ રહ્યા છે. જયારે કેટલાક નાગરીકોમાં ચર્ચા કરી રહ્યા હોય છે કે બેંક જો છાશ વિતરણ કરી શકતી હોય તો મનપા તંત્ર કેમ ઉણું ઉતરે છે. જયારે ઘ-૬ ખાતે છાશ પીવા માટે આવતા નાગરીકોને છાશ ન મળતા બાજુમાં સેવાભાવી નાગરીક દ્વારા કાર્યરત મીનરલ પાણીની પરબમાંથી પાણી પી ને પોતાની તરસ છુપાવી ગરમીથી નાગરીકો રાહત મેળવતા નજરે પડે છે.

### ચિરવિદાય

- સ્વ. નિલમબેન વજુલાલ છાપરીયા, ઉ.વ.૭૭
- સ્વ. નરેન્દ્રભાઈ દ્વારકાદાસ કોઈડીયા, ઈ.વ.૫૪
- સ્વ. મફતભાઈ પૂંજાભાઈ રબારી, ઉ.વ.૯૮